# 46

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કૂપોષિત બાળકો**

*15/4/513 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી**(ખેડબ્રહ્મા ): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે. |

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| અરવલ્લી | ૧૫૩૯૨ |
| સાબરકાંઠા | ૨૫૧૬૦ |

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકો કેટલા છે, | (૨) | તે પૈકી જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે. |

| જિલ્લો | ઓછાવજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકો | કુલ |
|---|---|---|---|
| અરવલ્લી | ૧૧૫૨૯ | ૩૮૬૩ | ૧૫૩૯૨ |
| સાબરકાંઠા | ૧૮૫૧૫ | ૬૬૪૫ | ૨૫૧૬૦ |

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૩) ઉકત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો,અને | (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે. |

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો/ઘટાડો | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| અરવલ્લી | ----- | ૨૨૦૮ |
| સાબરકાંઠા | ------ | ૩૪૨૨ |

| | | | |
|---|---|---|---|
| (૪) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા સરકારે શાં પગલાં લીધાં? | (૪) | ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br><br>• આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે<br>• સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.<br><br>• રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઇડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઇડ તેલ પુરું પાડવામાં આવે છે.<br>• દુધ સંજીવની યોજના અંતર્ગત અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાઓમાં તેમજ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકાઓમાં આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી. પેશ્ચુરાઇઝડ ફોર્ટીફાઇડ ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે. |

--------------------------------------------